## ચિંતન




*શરીરસ્ય ગુણાનાં ચ દૂર અત્યન્તમંતરમ્ ।*
*શરીરં ક્ષણવિધ્વંસિ કલ્પાન્તસ્થાયિનો ગુણાઃ ॥*

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

શરીર અને ગુણ એ બે વચ્ચે ઘણું જ અંતર છે. શરીર તો ક્ષણમાં નાશ પામનાર છે. પરંતુ માણસના ગુણો તો અનંતકાળ સુધી રહે છે.

પ્રાથમિક રીતે વિચારતાં ગુણવાન સદાચારી વ્યક્તિના શરીરને ઘણીવાર માન-સન્માન મળતાં હોઈ એનું વ્યક્તિગત કે શરીરનું સન્માન થાય એ કયારેક ગેરસમજ ઊભી કરે છે. એ શરીરનું નહીં તેના ગુણોનું સન્માન છે.

વ્યક્તિ અને શરીરનો નાશવંત છે કાલે હતાં ન હતાં થઈ જશે પણ એના સદ્‌ગુણ સદાચાર 'અમર' થઈને કાયમ માટે સ્મરણમાં રહેતા હોય છે.

## સુવિચાર

- ગુલાબજાંબુને ઢાંકવા પડે, ઢેબરાને ને નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- જ્ઞાનીઓ વિવેકથી શીખે છે, સાધારણ માણસ અનુભવથી શીખે છે, મૂર્ખ માણસ આવશ્યકતાથી શીખે છે અને પશુવર્તનથી શીખે છે - **સિસેરો**
- મેં જયારે મારા માતાપિતાને નેવીમાં જોડાવાની વાત કરી તો તેમણે કહેલું ઠીક છે, પણ સારા ગ્રેડ ન આવ્યા તો ઘરે ના આવતી. જે દિવસે મેં પહેલીવહેલી વાર હેલિકોપ્ટર ઉડાવ્યું ત્યારે મને ખબર પડી કે મારું લક્ષ્ય તો કંઈક જુદું જ છે - **સુનિયા વિલિયમ્સ**
- મહાન પુસ્તકો કે પ્રસંગો એ નથી કે જેનો સંદેશો સીધો જ મસ્તિષ્ક પર પડે, પરંતુ એ છે કે જેની અતિ આવશ્યક અસર દૃષ્ટિકોણ પર પડે - **રોમા રોલાં**
- શિક્ષણના મુખ્ય ત્રણ હેતું છે : નમ્રતા, સમતા અને મમતા - **મુંબઈ સમાચાર**
- જે વ્યક્તિ અહીંથી હવાની જેમ પસાર થાય છે તે જ પોતાની પાંખોની સુગંધ ભરી શકે છે - **ઓશો**
- હું મુશ્કેલીમાં સ્વસ્થ રહીશ, ન્યાય કરવામાં તટસ્થ રહીશ, ન્યાય કરવામાં તટસ્થ રહીશ, રહીશ બધાની સાથે હરહંમેશ, સફરમાં, જીવનમાં મસ્ત રહીશ - **ઉમાકાન્ત દવે**
- આજનું ઔષધ : દમના દર્દીને મધ અને દિવેલ સપ્રમાણ મિક્સ કરી સવાર-સાંજ એક-એક ચમચી લેવાથી ફાયદો થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

**રાણી વિકટોરીયાને રાજગાદી પર આવ્યાના પચાસ વર્ષ પૂર્ણ થયાના ભાગરૂપે લંડનમાં સુવર્ણજયંતિ ઉજવવાનું નક્કી થયું. ભારતમાંથી પણ પાંચમો જેટલા રજવાડાના રાજાને પણ આમંત્રણ હતું. આ સમારંભમાં કોઈ પણ જાતનું હથિયાર સાથે લઈ ન શકાય તેવી સૂચના આપવામાં આવી હતી. એક અંગ્રેજ અધિકારીએ આવેલા રાજાને પૂછ્યું 'તમે ક્ષત્રિય ખરા કે નહીં?'રાજાએ કહ્યું, 'અમે સૂર્યવંશી ક્ષત્રિય છીએ.' અધિકારીએ મજાક આગળ વધારતા કહ્યું, 'તો આપની શાન સમા તમારાં હથિયાર કયાં છે ?' રાજા ચૂપ થઈ ગયા. અંગ્રેજ બોલ્યા, 'તમે બધા સાવ હથિયાર વગર અહીં આવ્યા છો અને અમે તમારા ઉપર તૂટી પડીએ તો ?'**

**ત્યાં તો પાછળથી એક બુલંદ અવાજ આવ્યો. 'તો પહેલા હું તમને મારી નાખું.' અંગ્રેજ અધિકારીએ કહ્યું, 'આ કોણ બોલ્યું ?'**

**'હું બોલ્યો' કહીને તે પડછંદ આદમીએ પોતાની પાઘડી અને કરોડ રજ્જુમાં છુપાવેલી એક ધારદાર ચમકતી ત્રણેક ફુટ લંબાઈની તલવાર કાઢી. અને કહ્યું, 'હું સાચો ક્ષત્રિય છું, અને હથિયાર લીધા વિના નથી આવ્યો. તમારામાં તાકાત હોય તો આવો મારી સાથે લડવા મેદાનમાં. મને ખ્યાલમાં આવ્યું જ હતું કે તમે અંગ્રેજો દગો ફટકો કરી શકો છો. એટલે જ હું મારી આ તલવાર છુપાવીને સમારંભમાં હાજર થયો છું.'**

**રાણી વિકટોરિયા અને ત્યાં હાજર અધિકારીઓ આ સ્વમાની શૂરવીરની હિંમત જોઈ આશ્ચર્યચક્તિ થઈ ગયા. રાણીએ કહ્યું, 'ધન્ય છે, તમારી હિંમત અને આ તમારા ક્ષત્રિયવટને તમે કયાંથી આવ્યા છો ?'**

**ક્ષત્રિયે નમ્ર અવાજે કહ્યું, 'હું કચ્છનો રાજવી ખેંગાર છું.'**

**રાણીએ ખેંગારને વિશેષ ઈલ્કાબથી નવાજ્યા.**

# વીર સાવરકરને ભારત રત્ન આપો

**તંત્રીસ્થાનેથી...**

શિવસેના સુપ્રીમો ઉદ્ધવ ઠાકરેએ સાવરકર વિશેના પુસ્તકનું વિમોચન કરતાં એમને 'ભારત રત્ન' એનાયત કરવાની માગણી કરી છે. 'ભારત રત્ન' એ રાષ્ટ્રનું સર્વોચ્ચ સમ્માન છે અને તે દેશ માટે મરી ફીટનારા દેશભક્તોને મળે એની સામે ભાગ્યે જ કોઈને વાંધો હોઈ શકે. વીર સાવરકરે એમની જિંદગી આઝાદીની ચળવળ પાછળ ફના કરી દીધી હતી તે સર્વવિદિત બાબત છે. એમણે બ્રિટિશ હકૂમતનો જેટલો ત્રાસ વેઠ્યો હતો એટલો કદાચ અન્ય કોઈ નેતાઓ નહીં વેઠ્યો હોય તે પણ કબૂલવું પડે. એમણે કાળાપાણીની સજા કરી અંદામાનની સેલ્યુલર જેલમાં ગોંધી રખાયા હતા. અને અમાનુષી ત્રાસ ગુજરાયો હતો તે વીગતોથી પણ સરકાર અને પ્રજાજનો વાકેફ છે. ખાટલે મોટી ખોડ એ મુદ્દે હતી કે સાવરકરે આઝાદી માટે લોહિયાળ ક્રાંતિના માર્ગનું સમર્થન કર્યું હતું. તેઓ બ્રિટીશ સરકાર સાથે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ કરીને સમાધાનપૂર્વક સ્વતંત્રતા મેળવવામાં નહોતા માનતા. આપણા લોકપ્રિય કટારલેખક ડૉ. શરદ ઠાકરે એમના જીવન પર 'સિંહપુરુષ' શીર્ષક હેઠળ એક રસપ્રદ ચરિત્રાત્મક નવલકથા લખી છે. સાવરકર અને મહાત્મા ગાંધી આઝાદીના જંગમાં સામસામા ધ્રુવો હતા. બેઉ પ્રજા માટે આદરણીય રાષ્ટ્રનાયકો ગણાવા જોઈએ. કમનસીબે મહાત્મા ગાંધીની હત્યામાં સાવરકરનું નામ ચર્ચાતું રહ્યું અને એથી તે વખતના કોંગ્રેસી નેતાઓ અને જનસાધારણ માટે સાવરકર અળખામણા બની ગયા. પછી તો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પરથી લદાયેલો પ્રતિબંધ પણ ખુદ નહેરુ-સરદારની જોડીએ જ ઉઠાવી લીધો છતાં સાવરકર અસ્પૃશ્ય રહ્યા. એમને ગોડસેના પ્રેરક ગણી વગોવવાનું ચાલુ રહ્યું. એથી સમાજમાં એક એવો વર્ગ પણ તૈયાર થયો જેને સાવરકરનું હિંદુરષ્ટ્રનું સપનું સાકાર કરવા માટે શાસક પક્ષ કોંગ્રેસ સામે મેદાને પડવાનું જરૂરી લાગ્યું. હિંદુત્વના સમર્થક જનસંઘના જ નવા અવતાર સમી ભારતીય જનતા પાર્ટી માટે વીર સાવરકર આદરણીય રાષ્ટ્રનાયક જ રહે તે સમજી શકાય એવું છે. એમની ઉદ્દામ વિચારધારાને કારણે રાષ્ટ્રીય સમ્માનોથી તેઓ આજપર્યંત વંચિત રહ્યા છે. ભગતસિંહ, રામપ્રસાદ બિસ્મિલ અને ચંદ્રશેખર આઝાદ જેવા ખપી ખૂટનારા વીરનાયકો અને હિંદુ રાષ્ટ્રની ભવ્ય સંકલ્પના સાકાર કરવા ઝઝૂમતા રહેલા સાવરકર રાખે છે. શિવસેના સુપ્રીમોએ જયારે સાવરકરને રાષ્ટ્રના સર્વોચ્ચ સન્માનથી નવાજવાની દરખાસ્ત કરી છે ત્યારે સામા પક્ષે ઘણાનાં ભવાં ખેંચાશે, એમને ગાંધી હત્યા સાથે જોતરવાના પ્રયાસો પણ થશે. મોદીમાં અસંભવને સંભવ બનાવવાની કુનેહ અને એ માટે જરૂરી એવાં જોખમો ખેડવાની તાકાત છે. એટલે સાવરકરને મોડે મોડે પણ ન્યાય મળશે તો એથી આઝાદીના સૌથી ઉપેક્ષિત યોદ્ધાનું જ સમ્માન થયું લેખાશે.

# ગર્ભનો માસાંતર વિકાસ-આયુર્વેદની દૃષ્ટીએ




આયુર્વેદ એક સંપૂર્ણ શાસ્ત્ર છે. આ એટલા માટે કહી શક્ય કારણ કે આધુનિક તબીબી શાસ્ત્રમાં પડાયેલ દરેક વિભાગ (જેવા કે ગાયનેક, મેડિસિન) આનું વર્ણન આયુર્વેદમાં પણ જોવા મળે છે. એટલું જ નહિ, આયુર્વેદમાં સ્વસ્થ કેવી રીતે રહેવું અને માનસિક સ્વાસ્થ્ય કઈ રીતે જાળવવું વગેરે અંગેનું પણ વિવરણ છે. સદવૃત દ્વારા આયુર્વેદમાં ઉચ્ચ નાગરિક બનવા અંગેનો બોધપાઠ પણ છે. આમ, આયુર્વેદ દ્વારા અનેક રસદર્શી વિષયોનું આજથી લગભગ બે હજાર વર્ષ પહેલા તાદૃશ્ય નિરૂપણ કરેલ છે.

આજે આયુર્વેદમાં સમાવિષ્ટ એક એવા વિષય અંગે વાત કરીએ કે જે ખૂબ રસપ્રદ છે. આયુર્વેદમાં ગર્ભના વિકાસ અંગેનું વિસ્તૃત વર્ણન છે. ગર્ભાશયમાં સ્થિત ગર્ભ નવ મહિના દરમિયાન કઈ રીતે વિકાસ પામે છે અને તેની ગર્ભીણી પર શી અસર થાય છે તે અંગે આયુર્વેદમાં વર્ણન છે. ગર્ભના વિકાસ સબંધી આ વર્ણન આધુનિક તબીબી શાસ્ત્રમાં દર્શાવેલ વર્ણનને ઘણું ખરું સબંધિત છે. આજથી બે હજાર વર્ષ પહેલા, કે જયારે આવા કોઈ આધુનિક ઉપકારણો ન હતા ત્યારે આવું વર્ણન કઈ રીતે શક્ય બન્યું હશે. આ બાબત વિચારીએ ત્યારે ઋષિસંસ્કૃતીની મહત્તાનો ખ્યાલ આવે.

ગર્ભાવસ્થાનાં પ્રથમ માસે જીવ ગર્ભમાં આવી જાય છે. આની અનુભૂતિ પરોક્ષ રીતે ગર્ભિણીને થઈ જાય છે. પ્રથમ દસ દિવસ દરમિયાન ગર્ભ કલલ અવસ્થામાં રહે છ. કલલ એટલે કીચડ જેવું. ગર્ભનાં અવયવો કે જાતી નક્કી થતા નથી. વીસ દિવસ બાદ ગર્ભ વટાણા જેવું બને છે.

બીજે મહીને ગર્ભ ઘન સ્વરૂપ ધારણ કરે છે ગર્ભ પીંડ જેવો બની જાય છે. શરીરના અંગો વિકસે છે. નાક – હાથ – પગ આદીનો આકાર બને છે. ગર્ભના જનનાન્ગોનો વિકાસ થાય છે. હાડકા કઠણ બને છે. હૃદય સસ્પંદન સાંભળી શકાય છે.

ત્રીજા માસમાં ગર્ભમાં ચેતના, સ્પંદન, તેમજ વેદનાનો અનુભવ થાય છે. ગર્ભના મનમાં સુખ દુઃખ તેમજ પૂર્વજન્મોના સ્મરણોની અનુભૂતિ થાય છે. અંખનાં નેત્રો બંધ હોય છે પરંતુ આકાર દેખાય છે. ત્વચા ગુલાબી બને છે. આ મહિનામાં સગર્ભાને 'બે હૃદયી' કહે છે.

ચોથા મહિનામાં ગર્ભની સ્થિરતા વધે છે. ગર્ભના આકાર અને વજનમાં વૃદ્ધી થાય છે. ઈન્દ્રિયોની સક્રિયતા વધે છે. આ મહિનામાં ગર્ભાણીને વિશેષ મનોરથો થાય છે. ગર્ભાણીની ઈચ્છા પૂરી કરવી જરૂરી છે. આથી ગર્ભાણીને તૃપ્તિ અનુભવાય છે. ગર્ભનું માથું મોટું થાય છે. માથામાં આછા વાળ તેમજ ત્વચા પર આછી રુવાટી પણ જોવા મળે છે. શ્વાસની અનિયમિતતા હોય છે.

પાંચમાં મહિનામાં ગર્ભનું મન સક્રિય બને છે. ગર્ભ વધુ વજનદાર બને છે. માતા દ્વારા વધુ પોષણ મેળવે છે. ગર્ભાણી વધુ કૃશ બને છે. ગર્ભના તનનો વિકાસ વધે છે. ગર્ભમાંથી નીકળતો સ્નેહ (રસ) ગર્ભલોમ અને અધિત્વચાના સંયોજનથી ગર્ભની ચારેય બાજુ ચીકણું રક્ષાત્મક કવચ બને છે., જેમાં ગર્ભ સુરક્ષિત રહે છે. ગર્ભના આંતરડાની લંબાઈ વધે છે. દૈહિક સક્રિયતા વધે છે. ક્યારેક ગર્ભને હેડકી આવે છે જેનો અનુભવ ગર્ભિણી કરી શકે છે.

છઠા મહિને બુદ્ધિની વ્યક્ત અવસ્થા કહે છે. આ મહિનામાં આંખ પર ભ્રમર બને છે. નખ, આંગળીઓનાં અગ્રભાગ સુધી પહોચે છે. મસ્તિષ્કનાં બૌધિક કેન્દ્રો સમી જ્ઞાનેન્દ્રીઓનો પૂર્ણ વિકાસ થાય છે.

સાતમાં મહીને ગર્ભના શરીરના દરેક અંગો પૂર્ણ રૂપે પ્રગટ થાય છે. ત્વચાની નીચે ચરબી જમા થવા લાગે છે જેથી ગર્ભનું વજન વધે છે. ગર્ભની અંખ ખુલી શકે છે. જન્મ લેનાર બાળક જીવવા માટે આ મહિનામાં સક્ષમ બને છે. જોકે આ મહીને જન્મેલ બાળક ક્યારેક પૂર્વરૂપે વિકાસ પામેલ હોતું નથી.

આંઠમાં મહીને ઓજસનું ગર્ભિણી તથા ગર્ભ વચ્ચે સંચારણ થાય છે. ૧૫ દિવસ એજ ગર્ભમાં જયારે ૧૫ દિવસ ગર્ભીણીમાં રહે છે. જેમાં ઓજ સ્થિર થાય છે તે પ્રસન્ન રહે છે. ઓજસ એ જીવનદાતા તથા પુષ્ટિકરતા છે. આયુર્વેદ મુજબ જો ઓજસ છે તો જ જીવન છે.

નવમાં મહીને પૂર્ણ પ્રસવકાળ અવસ્થા જાણવામાં આવે છે. આ મહીને ગમે ત્યારે પ્રસુતિ થઈ શકે છે. નાભીનાળ ઉદરના મધ્યમાં આવી જાય છે. આ મહીને જન્મ લેનાર બાળક સંપૂર્ણ સ્વસ્થ હોય છે. ઋષિ કશ્યપ અનુસાર જન્મ સમયે બાળકને ગર્ભાવસ્થા દરમિયાન સુખ દુઃખનું તેમજ પૂર્વજન્મ કર્મનું સ્મરણ થાય છે જે જન્મ બાદ ધીમે – ધીમે વિસરાય જાય છે.

ગર્ભાવસ્થા દરમિયાન બાળક માતા પર આશ્રિત હોય છે. માતાના આહાર-વિહારની ગર્ભ પર સીધી અસર પડે છે. આથી જ ગર્ભાવસ્થા દરમિયાન માતાએ સ્વાધ્યાય, સારું વાંચન, ઈશ્વર સ્મરણ, સાત્વિક ખોરાક, આદી પ્રયોજવા જોઈએ. કોઈપણ પ્રકારના પ્રસંગોમાં પણ સગર્ભાએ પ્રસન્ન રહેવું તેમજ વિષાદથી દૂર રહેવું. દુઃખ, ક્રોધ, દ્વેષ, ઈર્ષ્યા, ઝગડો, ન કરવા જોઈએ તેમજ સંપૂર્ણ આરામ ન કરતા હળવા ઘરકામ તેમજ વ્યાયામ પણ કરવા જોઈએ. તન તેમજ મનથી શુદ્ધ એવી ગર્ભિણીને સ્વસ્થ તેમજ ઉત્તમ સંતાનની પ્રાપ્તિ થવી સહજ છે.

(મો.) ૯૮૭૯૪૭૧૧૪૭

# રામેશ્વર મહાદેવના દર્શન અને પ્રવાસ




રામેશ્વર મહાદેવના દર્શન કરવાની મારી ઘણા વરસોથી ઈચ્છા હતી. એટલે જ્યારે સાગર ટ્રાવેલર્સવાળા શ્રી રમેશભાઈ સોનીએ અમને રામેશ્વર મંદિરના કાર્યક્રમની જાણ કરી કે અમારી સામેવાળા રાજુભાઈ દવે, તેમના પત્નિ ઉષાબેન અને મેં તરત ટિકિટ નોંધાવી દીધી. પારવતીનું મન ઢચુપચું હતું. દક્ષિણ ભારતના મોટા મોટા મંદિરોમાં જવાનું એનું ગજું પણ ન હતું. તેમ છતાં દીકરીઓએ બહુ દબાણ કરતાં એણે પણ પોતાનું નામ નોંધાવ્યું. આમ ફરી એકવાર અમે એક લાંબા પ્રવાસ માટે તૈયાર થયા.

તા- ૨૭ અને ૨૮ મી ઓગષ્ટ તો ટ્રેનમાં પસાર થઈ. ૨૮મીની સાંજે અમે ચેન્નાઈ પહોંચ્યાં. ૨૯ મી તારીખે તિરુપતિ બલાજીના દર્શન કર્યાં. ૩૦મી તારીખે સવારે અમે ચાનાસ્તો પતાવી ચેન્નાઈ જવા નીકળ્યાં. આયોજકોએ ચેન્નાઈ દર્શનની પણ સવારે જ વ્યવસ્થા કરી હતી. સૌપ્રથમ પાર્થસારથી મંદિરના દર્શન કર્યાં. ત્યાંથી દરિયાકિનારે આવ્યાં. કોઈએ ચોપાટી ફરવાની ઈચ્છા બતાવી નહીં એટલે ગાડીએ કાંચિપુરમનો રસ્તો પકડ્યો.

● ખરા બપોરે અમે કાંચિપુરમ આવી ગયા. મંદિરના દરવાજા બંધ હતા. અહીં જે હોટલમાં ભોજન કરવાનું ગોઠવ્યું હતું. પણ તે હોટલના દરવાજા બંધ જોવાના થયા. આયોજકો બીજી હોટલની શોધમાં નીકળ્યા અને અમે મંદિરની સામેના એક ઓટલે નિરાંતે બેઠા. કેટલીક મહિલાઓ કાંચિપુરમની સાડીઓ ખરીદવા નીકળી. હોટલ શોધવા ગયેલા મિત્રો લીલા તોરણે પાછા આવ્યા. હવે રસ્તામાં જમી લેવું કે અહીં જ ગરમાગરમ પુરીશાક બનાવી લેવા એની ગડભાંજમાં બધા પડ્યા. પુરીશાક બનાવવા માટે જગ્યા શોધવી પણ જરુરી હતી.

● મહિલાઓને કાંચિપુરમમાં આવ્યા પછી અહીંની સાડી ખરીદવાનું મન થાય તે સ્વાભાવિક છે. તેટલું જ સ્વાભાવિક સ્વાદના રસિયાઓને ગરમાગરમ રસાદાર પુરીશાક ખાવાનું મન થાય તે છે. પણ આ બધી ગડભાંજમાં મારા જેવા માટે બેથી ત્રણ કલાક જેટલો સમય ભાદરવાની ગરમીમાં લગીરેક છાંયડાના આશરે વ્યતીત કરવો ભારે કંટાળાજનક બની જાય. નસીબજોગે રાંધવા માટેની જગ્યા મળી ગઈ. એક જૂનુંપુરાણું મકાન અમે બેઠા હતા એ ઓટલા પાસે જ મળી ગયું. નયન અને કલ્લુએ બહુ ઝડપથી પુરીશાક બનાવી કાઢ્યાં. જમીને ફરી અમારો રસાલો રામેશ્વર ભણી ઉપડ્યો ત્યારે સાડાચાર પોણાપાંચ જેટલો સમય ઘડિયાળો બતાવી રહી હતી. ગાડી મુખ્ય રસ્તા ઉપર આવી ત્યારે જ મનમાં ભીતિ સેવાઈ રહી હતી કે મહાબલિપુરમના શિલ્પો જોવામાં અંધારું અડચણરૂપ બન્યા વગર રહી શકશે નહીં. શું થયું એની ખબર પડી નહીં પણ મહાબલિપુરમ ખાસ્સે દૂર જતા રહ્યા પછી પ્રવાસીઓને ખબર પડી કે કાંચિપુરમમાં જે સમય બગડ્યો એ થકી મહાબલિપુરમના શિલ્પદર્શનનો ભોગ લેવાઈ ગયો હતો. ઘણી ચર્ચાઓ થઈ પણ પરિણામમાં કશું મળ્યું નહીં. .

● દરેક પ્રવાસમાં આયોજકો એકાદ રાત્રિપ્રવાસ ગોઠવી દે છે. અમારો રાત્રિપ્રવાસ શરૂ થઈ ગયો હતો. મહાબલિપુરમ ગયું, ગયું એવો કકળાટ કરતા પ્રવાસીઓ એક જગ્યાએ જમવા ઉતર્યા. મારે હજી શ્રાવણ પૂરો થયો ન હતો. મેં લસ્સી માટે તપાસ કરી. મેં વેઈટરને પૂછ્યું, લસ્સી હૈ ? તામિલનાડુમાં ભાષાની ભારે મુશ્કેલી પડે છે. મારા પ્રશ્નના જવાબમાં તેણે હા પાડતા મેં ફરી પૂછ્યું, ''કૌનસી લસ્સી હૈ ?'' એ કહે '' કૌનસી લસ્સી નહીં હૈ'' અમે હસી પડ્યા આખરે મેં એપલ જ્યુસ પી ચલાવી લીધું.

● જમ્યા પછીની એક લાંબી રાતની લાંબી મુસાફરી શરૂ થઈ. આવી મુસાફરી આખા તનમનને થકવી દે છે. ના ઊંઘ આવે, ના જાગી શકાય, ના કશું નહાર દેખી શકાય. નેપાળયાત્રા દરમ્યાન પોખરાથી વારાણસીની જે અતિદીર્ઘ મુસાફરી વેઠવી પડેલી એવીજ કંટાળાજનક મુસાફરી ચેન્નાઈથી રામેશ્વરની થઈ. સવારે સૂર્ય ઊગી ગયો ત્યારે અમે રામેશ્વર પહોંચ્યા. ત્યાં પહોંચ્યા પછી આયોજકો હોટલ શોધવા નીકળ્યા. ત્યાં સુધી અમે એક ગલ્લે ચા પીને ઊભા રહ્યા. છેવટે ગુજરાતી સમાજ પર પસંદગી ઉતરી. અમારો સામાન રામેશ્વરમના બસ સ્ટેંડે ઉતારી દેવાયો હતો. ત્યાંથી વિરામ સ્થળે પહોંચવાનું થોડુંક અંતર પણ થાકેલા મુસાફરો માટે ઘણું દૂર હતું. રીક્ષા મળી શકે તેમ ન હતું. ઉષાબેન અને પાર્વતી આગળ ગયા અને અવળે રસ્તે ચડી ગયા. મારો અને પાર્વતીનો બિસ્તરો તથા એક ભારે બગલથેલો મારે હવાલે હતો. વધુમાં પાર્વતીના બિસ્તરાનો પટ્ટો તૂટી ગયેલો. એણે ત્યાં સેફ્ટીપિન ભરાવી રાખેલી. જે જરાક ખેંચતાં જ તેનું મોઢું ફસ દઈને પહોળું થઈ ગયું. હું એક બિસ્તરો ઉચકી ને બીજો મહાપરાણે ખેંચતો થોડીવાર પછી ઉપડ્યો પણ એમના પહેલાં પહોંચી ગયો. ગુજરાત ભવન પહોંચતાં પરસેવો પરસેવો થઈ ગયો. રાજુભાઈએ નીચે એસીવાળો રૂમ લીધો હતો. અમે નોનએસીવાળા ઉપર હતા. રૂમની ચાવી અને પાર્વતીને શોધતાં હું ચારપાંચવાર ઉપરનીચે ધકેલાતો રહ્યો.( લિફ્ટ હતી, નહીંતર...) એ તો સારું થયું કે બિસ્તરા ભરતભાઈના રૂમમાં મૂકવા મળ્યા.

● રૂમનું ઠેકાણું પડતાં પહેલું કામ નહાવાધોવાનું કર્યું. ઊંઘ આંખો પર આક્રમણ કરી રહી હતી. પણ અત્યારે ઊંઘવાનો સમય ન હતો. તૈયાર થઈને બહાર આવ્યા. મંદિર સાવ સામે જ હતું. થોડીક લાઈન હતી. ''ઓહ્મ નમઃ શિવાય, ઓહ્મ નમઃ શિવાય,'' બોલતા લાઈનમાં ઊભા રહ્યા. રામેશ્વર મંદિર એની લાંબી પરસાર માટે વિખ્યાત છે. લાંબા થાંભલાઓ ઉપર એટલી જ લાંબી છત બાંધવામાં આવેલી છે આવી કદાચ ચાર પરસાળો છે અમે શિવજીની ડાબી બાજુની પરસાળમાં લાઈનમાં ઊભા હતા. તે વટાવી સામેની પરસાળમાં આવ્યાં એમાં અડધું અંતર વટાવતાં શિવલીંગની બરાબર સામે આવી જવાયું. પેલી વિશાળ પરશાળ. લાંબા લાંબા મજબૂત થાંભલાઓ અને એની ઉપર ટકેલી રંગીન છત એ બધું તો હું અત્યારે લખતી વેળાએ લખી રહ્યો છું પરંતુ એ ક્ષણે આ બધું જોવાનું કશું ભાન ન હતું. હોઠ શિવજીનું રટણ કરતા હતા અને મન વિચારે ચડી ગયું હતું. વરસો પુરાણી એક મહેચ્છા ટૂંક સમયમાં પૂર્ણ થવાની હતી એનો હૃદયમાં પારાવાર આનંદ હતો. આંખમાં ઊંઘ હતી. પગમાં થાક હતો પણ મન એકદમ ખુશખુશાલ હતું. દૂરથી શિવલીંગની આજુબાજુના દીવા જ દેખાતા હતા. શિવલીંગ જરાકે દેખાતું ન હતું. જેમ જેમ નજીક જતા ગયા તેમ તેમ શિવલીંગનો આકાર સ્પષ્ટ થવા માંડ્યો. છેક સામે આવતાં પૂર્ણ શિવલીંગના દર્શન થયા. આ દર્શન માટે એક હજાર કિલોમીટરથી વધુ અંતરની મુસાફરી કરીને આ જીવ અહીં આવ્યો હતો. જ્યારે જ્યારે જ્યોતિલ્લગોની વાત થતી ત્યારે હું કહેતો બસ એક રામેશ્વરના દર્શન કરવાં છે. બીજા થાય કે ના થાય એનો હરખશોક નથી. આજે એ ઈચ્છા પૂર્ણ થઈ હતી. મંદિરના પૂજારીએ અમારા ભાલ પર શિવજીની ભસ્મ લગાવી દીધી. અમારો બધોયે થાક ઉતરી ગયો અને હળવાફૂલ થઈને અમે ગર્ભગૃહની બહાર નીકળ્યા. અંદર જ પ્રસાદ મળતો હતો તે લીધો. બીજી પણ ઘણી વસ્તુઓ મળતી હતી. એમાંથી કશું અમારે લેવું ન હતું.

● પાછા આવી જમવાનો સમય થાય ત્યાં સુધી વાતો કરતા પડી રહ્યા. જમવાનું તૈયાર થતાં જમીને આડા પડ્યા કે વહેલા વાગે ચાર.

# મરણ પામ્યા પછી તો કયાં જરૂર છે કાગવાસની, ચાલુ શ્વાસે જ જરૂર છે સહવાસની...




સારો છે દર્શાવાવને ભલાઈ વહેંચે છે.
પાંપણો ભીની કરીને સગાઈ વહેંચે છે.
માને ભૂખે મારતા પુત્રની આ લાગણી,
મા નથી તો ફાતેહાની મિઠાઈ વહેંચે છે.

- ગુલામ અબ્બાલ 'નાશાદ'

●●●

'શ્રાદ્ધ'નો કાગડો બોલે છે...

જીવતાં માબાપને સ્નેહથી સાંભળશો, ગુમાવ્યા પછી 'ગીતા' સાંભળવાનો શું અર્થ ?

સાથે બેસી જમવાની એમની ઈચ્છા પ્રેમથી પૂરી કરજો,
પછી ગામ આખાને લાડવા જમાડવાનો શો અર્થ ?
વ્હાલની વર્ષા કરનારને વ્હાલથી ભીંજવી દેજો...
ચિર વિદાય પછી આંસુ સારવાનો શો અર્થ?
ઘરમાં બેઠેલા માબાપ રૂપી ભગવાનને ઓળખી લેજો,
પછી અડસઠ તીર્થ કરવાનો શું અર્થ ? પછી બેસણા-બેસાડવાનો શો અર્થ ?
લાડકોડ પુરનાર મા-બાપને સદાય હૈયામાં રાખજો,
પછી દિવાનખંડમાં તસવીર રાખવાનો શો અર્થ?
હયાતીમાં જ હૈયુ એમનું ઠારી સેવાનું સુખ આપજો,
પછી ગંગાજળમાં અસ્થિ પધરાવવાનો શું અર્થ?
માવતર એ જ મંદિર એ જ સનાતન સત્ય રાખજો...

દોસ્તો... માનવજીવન ઋણમુક્તિ માટે છે. આપણા પણ દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણ છે. આપણો સાંસ્કૃતિક બગીચો મહેંકતો અને મઘમઘતો બનાવવા માટે તથા પછીની પેઢીઓ શાંત, કલ્યાણકારી અને પવિત્ર જીવન ગાળી શકે તે માટે તેઓએ પોતાનાં સુખ - સગવડનું બલિદાન આપ્યું છે. આ નિઃસ્વાર્થ કર્મયોગીઓના ઋણમાંથી મુક્ત થવા આપણે શું શું કરવું જોઈએ તેનો આ શ્રાદ્ધના દિવસોમાં વિચાર કરવો જોઈએ.

મિત્રો, દેવનું સતત ધ્યાન, પૂજન અને સ્મરણ કરવાથી દેવઋણમાંથી મુક્ત થવાય. દેવો અજર-અમર અને અભય છે તો આપણે પણ તેવા બનવું



જોઈએ. જીવન વિકાસ કરતા કરતા દેવની સમીપ જવું જોઈએ... દેવના થઈએ... અંતે દેવ થઈએ તો દેવ ઋણમાંથી મુક્ત થવાય, દેવ જેવા પ્રભાવાન થવા પ્રયત્ન કરીએ... ભારતીય સંસ્કૃતિની મહાનતા, ભવ્યતા, દિવ્યતા ઋષિઓને આભારી છે. આજે ભારતીય સંસ્કૃતિ વિશ્વ વંદનીય છે. એના મૂળમાં માનવ જીવનના કલ્યાણર્થે નિરપેક્ષ ભાવે લોહીનું પાણી કરી દિવ્ય વિચારસરણી આપી. પોતે બળી લોકોનાં જીવન પ્રકાશિત કરનાર ઋષિઓનો માનવસમાજ ઋણી છે. એટલે ઋષિ ઋણ ફેડવા ઋષિઓના વિચારોનો પ્રચાર-પ્રસાર કરીએ. ઋષિ સંસ્કૃતિ ટકાવવા અને તેનો ફેલાવો કરવા પ્રયત્ન કરીએ.

અને ત્રીજી બાબત... જેમણે જન્મ આપ્યો... ઉછેર્યા... આપણા સુખ માટે પોતાના સ્વાર્થ ત્યજ્યા. તેવા પિતૃઓનું ઋણ... આપણા પર કરેલા ઉપકારોનું જે ઋણ છે તેમાંથી મુક્ત થઈએ. પિતાના અધૂરા રહેલા ધ્યેયો કે કાર્યો ને પૂરા કરવાની જવાબદારી પુત્રની છે. એટલે જ સંસ્કૃતમાં કહેવાયું છે. 'સમ્યક્ તનોતિ - તનુ વિસ્તારે' - પિતાએ આપેલા ધ્યેયને આગળ વધારે તે સંતાન. આ જ થયું સાચું પિતૃતર્પણ...

દોસ્તો, કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના દાદા દ્વારકાનાથ કલકત્તામાં પ્રસિદ્ધ વેપારી અને જમીનદાર હતા. તેઓ મૃત્યુ પામ્યા ત્યારે તેમની પાછળ લાખો રૂપિયાનું દેવું મુકેલું હતું; પરંતુ એ ઘણા વ્યવહારકુશળ હતા. એમણે પોતાની વંશપરંપરાની મિલકત બાબત એક જુદો દસ્તાવેજ કરીને તેનું ટ્રસ્ટ કર્યું હતું, એટલે અંગ્રેજી કાયદા પ્રમાણે લેણેદારોનો અધિકાર તેના ઉપર પહોંચે એમ નહોતો. એમની પેઢીના મેનેજરે લેણદારોની સભા બોલાવીને હિસાબ રજૂ કર્યો. કે 'અમારે પેઢીનું દેવું એક કરોડ રૂપિયાનું અને લેણું સિત્તેર લાખ રૂપિયાનું છે. એટલે ત્રીસ લાખ રૂપિયાનો તોટો છે. પેઢીના માલિકો પોતાની સઘળી મિલકત વેચીને ખોટ ભરપાઈ કરવા તૈયાર છે. આ પેઢીનું લેણું, મિલકત અને તેમની જમીનદારીના હક્ક એ બધું તમે પોતાને હસ્તક લઈને દરેક પોતાનું લેણું વસુલ કરો; પણ એક ટ્રસ્ટીની મિલ્કત છે! જેના ઉપર તમારો દાવો ચાલશે નહિ !

મેનેજર અંગ્રેજ હતો. તેણે તો આ પ્રમાણે કહ્યું, પરંતુ પુત્ર દેવેન્દ્રનાથના હૈયામાંથી હિન્દુ ધર્મના સંસ્કાર ગયા નહોતા. એ જાણતા હતા કે ભારતવર્ષની પ્રાચીન સ્મૃતિઓનો કાયદો તો એ છે કે, બાપ કોઈ મિલકત વારસામાં આપી ગયા હોય કે હોય, તો પણ પિતાનું બધું ઋણ પુત્રે ચુકવવું જોઈએ. દેવેન્દ્રનાથે તરત જ બધા લેણદારો સમક્ષ જાહેર કર્યું કે મેનેજરે જે કહ્યું તે કાયદેસર છે છતાં અમે એ ટ્રસ્ટનો ભંગ કરીને આપ સર્વેનું કરજ ચૂકવવા તૈયાર છીએ. પિતૃઋણમાંથી જે પ્રકારે એકદમ મુક્ત થવા એવો જ માર્ગ અમે લઈશું.'

આ પ્રસંગ બન્યો તે કાળે દેવેન્દ્રનાથની ઉંમર ફક્ત ત્રીસ વર્ષની હતી. યુવાન વયે મહાવૈભવમાં ઉછરેલો આ છોકરો હાથે કરીને કંગાળ થઈ જશે આ વિચારે લેણધારોના હૈયાં પીગળી ગયાં. તેમણે બધી મિલ્કત હજાર જ કરતાં પોતાનો કબજામાં લઈને યોગ્ય વ્યવસ્થા કરી. કુટુંબના ભરણપોષણ માટે વરસે દહાડે અઢી હજાર રૂપિયા બાંધી આપ્યા. અતિશય કરકસર કરી ઘરસંસાર ચલાવીને પિતાજીએ દવાખાનામાં એક લાખ રૂપિયા દાન પેટે આપવાના જાહેર કર્યા હતા પણ આપી શક્યા નહોતા. દેવેન્દ્રનાથને જયારે એ વાતની ખબર પડી ત્યારે તેમણે જે જમીનદારનો ઉત્તમ વહીવટ કરી જે પરસેવોની ખરી કમાણી બચાવી હતી તે લાખ રૂપિયા દવાખાનામાં આપી દીધા. અને પિતૃઋણમાંથી મુક્ત થયા.

આજ સાચું શ્રાદ્ધ છે... આ જ સાચા સંતાન કહેવાય...!!!

સ્પર્શમણિ :
મરણ પામ્યા પછી
તો કયાં જરૂર છે કાગવાસની,
ચાલુ શ્વાસે જ જરૂર છે સહવાસની...

rasikvaland1965@gmail.com
Mo. 9913426949